ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૧** **તા. ૦૧.૦૬.૨૦૧૭**

**રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓએ કેરલમાં કરેલ ગૌ-વધ અને ગૌ-માંસની જાહેર પાર્ટીની ક્રુર ઘટનાને કારણે સમગ્ર દેશની જનતામાં ઉભા થયેલ પ્રચંડ આક્રોશને બીજી દિશામાં લઈ જવા કોંગ્રેસ નવા-નવા પાયા વિહોણા મુદ્દા ઉભા કરી રહી છે. - શ્રી ભરતભાઈ પંડ્યા**

**કોંગ્રેસ ગુજરાતના યુવાનોને ગેરમાર્ગે દોરી રહી છે. ગુજરાતની શાંતિપ્રિય પ્રજા વચ્ચે વર્ગ વિગ્રહો થાય તેવા પ્રયાસ કરી રહી છે. - શ્રી ભરતભાઈ પંડ્યા**

**બે મોંઢાની વાત કરનારી કોંગ્રેસને ગુજરાતની જનતા સારી પેઠે ઓળખી ગઈ છે. ગુજરાતની જનતા કોંગ્રેસને બુથ કક્ષાએથી નેસ્તનાબૂદ કરીને ભાજપાને ૧૫૦થી વધુ બેઠકો પર વિજય અપાવશે. - શ્રી ભરતભાઈ પંડ્યા**

---

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓ દ્વારા કેરળમાં કરવામાં આવેલ ગૌ-માતાની હત્યા અને પછી જાહેરમાં ગૌ-માંસની મીજબાનીની ઘટનાને કારણે સમગ્ર દેશની જનતામાં ઉભા થયેલા પ્રચંડ જન આક્રોશને ડાઈવર્ટ કરવા કોંગ્રેસ નવા-નવા પાયા વિહોણા મુદ્દા ઉભા કરી ગુજરાતના આંટા-ફેરા કરી રહ્યા છે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતની પ્રગતિ, પ્રતિષ્ઠાના સુકાની બન્યા છે. વિશ્વના દેશો સાથે સંબંધો વધુ મજબૂત બને તેના માટે વિશ્વ પ્રવાસે છે. ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતને ટાર્ગેટ કરીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને બદનામ કરવા માટે પાયા વિહોણા આક્ષેપો કરે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૩ વર્ષના શાસનકાળમાં કોંગ્રેસ અને વિરોધીઓ કેન્દ્ર સરકાર પર એક પણ આક્ષેપ લગાડી શક્યા નથી. ૧૨ લાખ કરોડનો ભ્રષ્ટાચાર આચરીને ભારતને વિશ્વમાં કોંગ્રેસે બદનામ કરેલ હતું અને અત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પારદર્શક નેતૃત્વમાં વિશ્વકક્ષાએ ભારતનું માન-સન્માન અને મોભો વધ્યો છે.

કોંગ્રેસને જડબાતોડ જવાબ આપતાં શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, ભારતનો સરેરાશ જીડીપી ૭.૧ ટકા છે ત્યારે કોંગ્રેસ છેલ્લા ૩ મહિનાના જીડીપીની ખોટી વાતો રજૂ કરે છે. વિશ્વ કક્ષાએ ભારતનું અર્થતંત્ર સૌથી મજબૂત અને વેગવંતા અર્થતંત્ર તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ફોરેન રીઝર્વ અને એફ.ડી.આઈ. એટલે કે ફોરેન ડાઈરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ટોચ પર છે અને નાણાંકીય ખાધ અને મોંઘવારી સૂચકાંકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૭.૫ કરોડ યુવાનોને ૩.૧૫ લાખ કરોડની લોન થકી રોજગારી પૂરી પાડવામાં કેન્દ્ર સરકાર સફળ રહી છે. ૬ બાટલા કે ૯ બાટલાની સબસીડીના નિર્ણયમાં અટવાતી કોંગ્રેસને અત્યારે ખ્યાલ હોવો જોઈએ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બે કરોડ જેટલી ગરીબ મહિલાઓને ગૅસ કનેક્શન આપવામાં આવ્યા છે અને શ્રી નરેન્દ્રભાઈ મોદીની એક અપીલ પર એક કરોડથી પણ વધુ લોકોએ રાંધણ ગૅસની સબસીડી છોડી દીધી છે.

... ૨ ...

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, સહૃદયી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં પણ ગુજરાતે વિકાસના નવા સોપાનો સર કર્યા છે. સેવા સેતુ, પ્રગતિ સેતુ કાર્યક્રમો થકી ૫૦ લાખ ૭ હજાર લોકોના વ્યક્તિગત પ્રશ્નોનો સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું છે, તે એક ઐતિહાસિક બાબત બની રહી છે. હમણાં જ યોજાયેલ એક કાર્યક્રમમાં ૧૮ હજારથી વધુ લોકોને એક જ દિવસે પોલીસ ભરતીના નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા છે. ૬૭ હજાર જેટલી સરકારી નોકરીઓ આપવાનું કામ ભાજપાની ગુજરાત સરકારે કર્યું છે અને છેલ્લા બે મહિનામાં યોજાયેલા રોજગારી મેળા થકી ૧ લાખ ૯ હજારથી વધુ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે.

ભાજપા શાસિત ગુજરાતમાં ૧૦ ટકા આર્થિક અનામતની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસ પહેલાં કોંગ્રેસ શાસિત રાજ્યોમાં આર્થિક અનામત લાગુ કરે પછી ગુજરાતમાં ૨૦ ટકા અનામતની વાતો કરે. કોંગ્રેસ ગુજરાતના યુવાનોને ગેરમાર્ગે દોરી રહી છે, ગુજરાતની શાંતિપ્રિય પ્રજા વચ્ચે વર્ગ વિગ્રહો થાય તેવા પ્રયાસ કરી રહી છે. આવી બે મોંઢાની વાત કરનારી કોંગ્રેસને ગુજરાતની જનતા ઓળખી ગઈ છે અને હવે ગુજરાતની જનતા કોંગ્રેસને બુથ કક્ષાએથી નેસ્તનાબૂદ કરીને ભાજપાને ૧૫૦થી વધુ બેઠકો પર વિજય અપાવીને સેવા કરવાનો મોકો ફરીથી ચોક્કસ આપશે, તેવો દ્રઢ આત્મવિશ્વાસ શ્રી ભરતભાઈ પંડયાએ વ્યક્ત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૧.૦૬.૨૦૧૭

**બુથ મુલાકાત દરમ્યાન મળી રહેલા પ્રજાના પ્રચંડ જનસમર્થન અને આવકારના પગલે ખુશી વ્યક્ત કરતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી**

**વિસ્તારક યોજના અંતર્ગત બુથમાં વિસ્તારકોને ભવ્ય આવકાર મળી રહ્યો છે. લોકો પાર્ટીની વિચારધારા સાથે સ્વયંભુ જોડાઈ રહ્યા છે.- શ્રી ભરતભાઈ પંડ્યા**

---------------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, પંડિત દીનદયાળ જન્મશતી વિસ્તારક યોજના અંતર્ગત બુથના પ્રવાસ દરમ્યાન ભાજપાના અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને વિસ્તારકોને ઠેર-ઠેર જબરદસ્ત આવકાર મળી રહ્યો છે. ખાસ કરીને રાષ્ટ્રીય પ્રમુખશ્રી અમિતભાઈ શાહના બુથ પ્રવાસના પગલે ગુજરાતભરનાં ૪૮ હજાર કરતાં વધુ કાર્યકર્તાઓ-વિસ્તારકો અને સામાન્ય જનતાના ઉત્સાહમાં પણ અનેકગણો વધારો થયો છે. વિસ્તારકોના નવા જોમ-જુસ્સાના પગલે પાર્ટીના કાર્ય વિસ્તારમાં પણ ખૂબ ઝડપ આવી છે.

એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જન્મશતાબ્દી વર્ષની ઉજવણી ભાજપા દ્વારા ગરીબ કલ્યાણ વર્ષ તરીકે કરવામાં આવી રહી છે ત્યારે વિસ્તારક યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ગરીબલક્ષી યોજનાનો લાભ સમાજના છેવાડાના માનવીને મળે તે માટે દેશના ૪ લાખ અને ગુજરાતનાં ૪૮ હજારથી વધુ કાર્યકર્તાઓ-વિસ્તારકો ગામડે-ગામડે, ઘરે-ઘરે સંપર્ક કરી રહ્યા છે અને સરકારની યોજનાઓ વિશે સામાન્ય જનતાને અવગત કરાવી રહ્યા છે. સાથોસાથ પાર્ટીની વિચારધારાથી પણ લોકોને વાકેફ કરી રહ્યા છે. આ જન સંપર્ક અભિયાન દરમ્યાન વિસ્તારકોને ભવ્ય આવકાર મળી રહ્યો છે. લોકો પાર્ટીની વિચારધારા સાથે સ્વયંભુ જોડાઈ રહ્યા છે.

ગત તા. ૨૮ મેથી શરૂ થયેલી વિસ્તારક યોજના અંતર્ગત **રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ** છોટાઉદેપુર ખાતે, **પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ** તેમજ **પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા** ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, રાજકોટ, સુરત, છોટાઉદેપુર અને વડોદરા ખાતે, **રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા** મોરબી, અમરેલી, ગાંધીનગર શહેર ખાતે, **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી** ખેડા, **નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ** મહેસાણા, **પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી**એ વડોદરા, વલસાડ, પંચમહાલ, છોટા ઉદેપુર અને વડોદરા જીલ્લાના બુથમાં વિસ્તારક તરીકે મુલાકાત લીધી હતી. પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ આજરોજ દેત્રોજ તાલુકાના બુથ નં. ૧૩૭ની મુલાકાત લીધી હતી. બુથ મુલાકાત દરમ્યાન ભાજપના અગ્રણીશ્રીઓએ વિસ્તારક તરીકે લોકોને ભાજપાની વિચારધારા, વિવિધ સમાજલક્ષી યોજનાઓની માહિતી આપી હતી અને સરકારની યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું. આ બુથ મુલાકાતો દરમ્યાન મહાનુભાવોનું ઠેર-ઠેર કંકુ-તિલકથી ભવ્ય સ્વાગત અને પરંપરાગત રીતે સન્માન કરવામાં આવ્યું હતું મહાનુભાવોની બુથ મુલાકાતોને લોકોએ દિલથી વધાવી લીધી હતી. આ બુથ મુલાકાતો દરમ્યાન સ્થાનિક બુથ, મંડલ અને જીલ્લાના પદાધિકારીઓ પણ ખાસ હાજર રહ્યા હતા

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ બુથ મુલાકાત દરમ્યાન મળેલા પ્રચંડ જનસમર્થન અને આવકારના પગલે ખુશી વ્યક્ત કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ